રાજ્યમાં ઘોરાડ પક્ષીઓની સંખ્યા

*15/3/419 : શ્રી કાન્તિભાઇ ખરાડી (દાંતા): માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ રાજ્યમાં ગ્રેટ ઈન્ડિયન બસ્ટાર્ડ (ઘોરાડ) પક્ષી કયા જિલ્લામાં છે, | (૧) | કચ્છ. |
| (૨) | ઉક્ત સ્થિતિએ ઘોરાડ પક્ષીની સંખ્યા કેટલી છે, અને | (૨) | ૪ (ચાર). |
| (૩) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લુપ્ત થતાં ઘોરાડ પક્ષીને બચાવવા સરકારે શા પગલાં લીધાં? | (૩) | ઘોરાડ પક્ષીના સંરક્ષણ માટે સને ૨૦૨૧ થી મેનેજમેન્ટ પ્લાન અમલમાં મુકવામાં આવેલ છે.<br>➢ જે અંતર્ગત સંબંધિત વિસ્તારમાં નડતરરૂપ ઝાડી ઝાંખરા (ગાંડો બાવળ) દૂર કરી, ચેઇનલીંક ફેન્સીંગથી સુરક્ષિત કરવામાં આવેલ છે.<br>➢ આર્ટીફીશીયલ પાણીના કુલ–૬ વોટર શોસર પોઇન્ટ બનાવવામાં આવેલ છે.<br>➢ અભયારણ્ય વિસ્તારની આજુબાજુ કુલ–૨૯૯ કુતરાઓના ખસીકરણની કામગીરી કરવામાં આવેલ છે.<br>➢ સ્થાનિક ગામ લોકોને ઘોરાડ વિશે સમજ આપવા કુલ–૩૬ જનજાગૃતિના કાર્યક્રમો તેમજ ખેડુત શિબિરો કરવામાં આવેલ છે.<br>➢ સ્ટાફ દ્વારા દિવસ તેમજ રાત્રી દરમ્યાન સઘન ફેરણું કરવામાં આવે છે. |